Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૬૫ અષાઢ વિ. સં. ૨૦૨૪

અંક : ૯

આત્મ સં. ૭૧ જુલાઈ : ૧૯૬૮ વીર સં. ૨૪૯૪

कालो दुस्तर आगतो जनमनो भोगेषु मग्नं भृशम्,
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ।
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्धृदि,
आत्मानंदप्रकाशदीपकिरणं प्राप्नोतु शाश्वत्पदम् ॥

—: પ્રકાશક :—

જૈન આત્માનંદ સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | મહાવીરવાણી | ... | શ્રી બેચરદાસ પંડીત | ૧૫૯ |
| ૨ | ચિંતામણીરત્ન | ... | શ્રી અમરચંદ માવજી શાહ | ૧૬૦ |
| ૩ | અભય કેળવો | ... | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગર મ. | ૧૬૧ |
| ૪ | દાનશૂર મેઘ | ... | શ્રી બાલચંદ હીરાચંદ | ૧૬૮ |
| ૫ | જીવન-સાચી દૃષ્ટિ | ... | શ્રી બાલકૃષ્ણ ધ્રુવ | ૧૭૦ |



## જાહેરાત

જૈન આત્માનંદ સભા
ભાવનગર

"આત્માનંદ પ્રકાશ" નો આવતો અંક હવે શ્રાવણ-ભાદ્રપદના સંયુક્ત અંક તરીકે "પર્યુષણ" ના ખાસ અંક તરીકે તા. ૧૬-૮-૧૯૬૮ ના રોજ પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારી તેમજ પોસ્ટના વધેલા દરને અંગે આ માસિક ખોટમાં ચાલે છે, એમ છતાં જ્ઞાનપ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને અંકને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતો બધો પ્રયાસ કરી રહ્યા છીએ. અને આ દૃષ્ટિએ જ અમોએ આવતો અંક "પર્યુષણ" અંક તરીકે પ્રગટ કરી બને તેટલી વિશેષ રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ, અને તે બને તેટલો દળદાર કરવાની પણ અમારી ભાવના છે. તો વિદ્વાન આચાર્યો, મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ કે તેઓ પોતાના લેખો આ માસની આખર સુધીમાં બને તેટલા વેલાસર મોકલી અમોને આભારી કરે.

માસિકની ખોટને પહોંચી વળવા માટે, યોગ્ય જાહેર ખબરો સ્વીકારવાનો અમોએ નિર્ણય કર્યો છે. તો વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય-શિક્ષણ-સંસ્થાઓને અમારી વિનતિ છે કે પર્યુષણ અંકમાં તેઓ પોતાની જાહેરાત મોકલી જ્ઞાનપ્રચારના અમારા આ કાર્યમાં બનતો સહકાર આપી અમોને આભારી કરે.

આ માસિકમાં અપાતી જાહેરાતનો યોગ્ય બદલો મળી રહે છે તેની અમો ખાત્રી આપીએ છીએ.

:- જાહેરાતના દર :-

અંદરનું પેજ આખું : રૂા. ૪૦ પેજ અર્ધું : રૂા. ૨૫
ટાઈટલ પેજ બીજું અથવા ત્રીજું : રૂા. ૫૦ ટાઈટલ પેજ ચોથું : રૂા. ૭૫

આપનો લેખ અગર જાહેરાત તરત મોકલી આભારી કરશો.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૫ ] જુલાઈ : ૧૯૬૮ [ અંક : ૯

## મહાવીરવાણી

**मूलाओ खंधप्पभवो दुमस्स खंधाउ पच्छा समुवेन्ति साहा ।**
**साहाप्पसाहा विरुहन्ति पत्ता तओ ति पुप्फं च फलं रसो अ ॥**

વૃક્ષના મૂળમાંથી થડ ઉગે છે, થડમાંથી પછી જુદી જુદી શાખાઓ ઉગે છે, એ શાખાઓમાંથી બીજી નાની ડાળીઓ ફૂટે છે. એ ડાળીઓ ઉપર પાંદડાં ઉગે છે, અને પછી ફૂલ આવે છે, ફળ લાગે છે અને ત્યારબાદ તે ફળોમાં રસ જામે છે.

**एवं धम्मस्स विणओ मूलं परमो से मोक्खो ।**
**जेण कित्तिं सुयं सिग्धं निस्सेसं चाभिगच्छइ ॥**

એ જ પ્રકારે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને મોક્ષ તે મૂળમાંથી પ્રગટ થતો ઉત્તમોત્તમ રસ છે. વિનયથી જ મનુષ્ય કીર્તિ, વિદ્યા, શ્લાઘા-પ્રશંસા અને કલ્યાણ-મંગળને શીઘ્ર મેળવે છે.

શ્રી બેચરદાસ પંડિત : મહાવીર વાણી
ગાથા ૭૨-૭૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિંતામણીરત્ન

શ્રી. અમરચંદ માવજી શાહ

ચિત્ત એ જ ચિંતામણીરત્ન છે. જેટલી ચિત્તની શુદ્ધિ એટલો તેનો પ્રભાવ પ્રગટ થાય છે. ચિત્ત અનાદિકાળથી પરભાવમાં, પરદ્રવ્યમાં, આકુળવ્યાકુળપણે ભમવાથી સંકલ્પ વિકલ્પનાં ધુંમસથી આવરણ યુક્ત છે. રાગદ્વેષ અને મોહનાં પરિણામથી ચિત્ત-ઇષ્ટ-અનિષ્ટ ભાવોમાં, હર્ષશોકનાં ભાવમાં, પરિણમી જાય છે, તેને જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી રત્નત્રયનો પ્રકાશ પ્રાપ્ત થાય છે ત્યારે એ ચિત્ત ચિંતામણીરત્ન સમાન દેદીપ્યમાન થાય છે.

ચિત્તની શાંતિ-ચિત્તની સમતા ચિત્તની સ્થિરતા-ચિત્તની સમાધિ-સમાધાનભાવથી અનાકુળતા ઉત્પન્ન થાય છે અને ચિત્ત આત્માનંદમય-પ્રેમમય-શાંતિમય રહે છે—અહિંસા-સંયમ અને તપથી ચિત્ત આવરણ-મુક્ત થાય છે. એવું ચિત્ત એ જ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે.

ચિત્ત જ્યાંસુધી આપસ્વભાવમાં સ્વ સ્વભાવમાં પરિણમે ત્યાં સુધી આનંદમય જ છે. એ ચિત્ત પરભાવમાં જેવા જેવા ભાવે પરિણમે તેવા બિંબ રૂપ પ્રતિબિંબમાં પરિણમી જાય છે. એવા ચિત્તનું નિમિત્ત પામી પુદ્ગલ દ્રવ્યો તેનાં સ્વભાવમાં કર્મરૂપ પરિણમી જાય છે એ કર્મના ઉદયથી આ સંસાર ચિત્રવિચિત્રરૂપ દેખાય છે. આમ પરભાવમાં પરિણમેલુ ચિત્ત ઇષ્ટ-અનિષ્ટ જેવા-જેવા ભાવે પરિણમ્યું હોય તેવું-તેવું ફળ સુખ દુ:ખ રૂપે અનુભવાય છે એટલા માટે જ ચિત્તશુદ્ધિ એ જ જ્ઞાનની દીપિકા છે.

ચિત્ત એ ચૈતન્યસ્વરૂપ છે. ચૈતન્ય સ્વરૂપ ચમત્કારિક છે. ચિત્તનાં ભ્રમથી-મિથ્યાત્વ-અવિરતિ-કષાયયોગથી ચૈતન્ય અશુદ્ધભાવમાં પરિણમે છે. ચિત્તની સ્થિરતા એ જ યોગનું રહસ્ય છે. ચિત્તની પ્રસન્નતા એ યોગની કુશળતા છે.

જ્ઞાન એ જ આત્મા છે, આત્મા એ જ જ્ઞાન છે. આત્મા જ્ઞાનમય જ છે. અજ્ઞાન એ જ્ઞાનનો જ પ્રકાર છે. ચિત્તશુદ્ધિથી જ્ઞાન શુદ્ધ થાય છે. ચિત્ત પરમાં સંકલ્પ-વિકલ્પમાં પરોવાયેલું હોય ત્યાં સુધી અજ્ઞાન છે. એ અજ્ઞાનથી અંધકાર છે. અંધકાર એ જ સંસાર છે. એ સંસારથી આ ભવભ્રમણનું ચક્ર સુખદુ:ખ-રૂપે છે. જેમ રેલ્વેગાડી ચાલે છે ત્યારે છુક છુક કરતી જાય છે એટલે તેનો અર્થ સુખદુ:ખ, સુખદુ:ખ એમ સમજવાનો છે. સીટી વગાડે છે એટલે હર્ષ-શોકનાં ઉન્માદની બૂમ મારે છે એમ અર્થ સમજવાનો છે. સ્ટેશને ઉભી રહે છે તે જન્મમરણ સૂચવે છે.

આ રીતે આ રેલ્વેગાડી સંસાર સંભ્રમણનું સ્વરૂપ બતાવે છે તેનો પરમાર્થ વિચારવા યોગ્ય છે. એન્જીનમાં જેમ કોલસા પાણી જુએ છે તેમ આ દેહધારીઓ આહાર પાણી લ્યે છે. એ રેલ્વેને કયાં જવું છે તેનું ચોક્કસ નિર્માણ હોય છે પરંતુ સંસારની ગાડીનાં ડ્રાઇવર આત્માને પોતે કયાંથી આવ્યો ? કયાં જવું છે ? શા માટે આ બધી વિષય-કષાયની પ્રવૃત્તિ કરે છે ? શા માટે હિંસા-અસત્ય-ચોરી-કુશીલ પરિગ્રહ વધારે

( અનુસંધાન ટાઈટલ પાના ૩ ઉપર જુઓ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભય કેળવો

પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મ. 'ચિત્રભાનુ'

રાજગૃહી નગરીમાં ભગવાન મહાવીર પધાર્યા હતા. હજારો નરનારીઓ વંદન કરવા માટે તૈયાર થઇને ઊભાં હતાં.

આજનો લોકપ્રવાહ રજાને દિવસે જેમ સિનેમા નાટકમાં જાય છે, તેમ એ જમાનામાં માનવપ્રવાહ સાધુસંતોને સાંભળવા જતો.

બસ, માનવ અહીં જ પલટાયો છે. પહેલાંના જમાનામાં યુવાનો પણ ધર્મ સાંભળવા ને સંતનાં દર્શન કરવા જતા હતા. જ્યારે આજે તો વૃદ્ધો પણ નાટક સિનેમામાં જાય છે, અને મોહ તેમજ રંગરાગમાં રાચે છે. એ વખતે, ભગવાન મહાવીર પધારતા ત્યારે તો બધાનાં હૈયામાં ઉલ્લાસ ઊછળતો. તેમને હૈયાધરપત મળતી કે ચાલો, હવે મોહનું સામ્રાજય ઘટશે ને ધર્મનું સામાજય વધશે.

સૌની સાથે, મગધના સમ્રાટ બિંબિસાર, જેમનું બીજું નામ શ્રેણિક છે, તે પણ ઉમળકાભેર સત્કારવા તૈયાર થયા. બિંબિસારની પટરાણી અને ગણતંત્રના અધ્યક્ષ ચેટક રાજાની પુત્રી ચેલણા પણ તૈયાર થઇ.

આવીને રથમાં બેઠાં. રથનો સારથિ લગામ હાથમાં લે છે એટલામાં તો એક ભયાનક ગર્જના સંભળાઇ. સાંભળતાં જ સારથિના હાથની લગામ છૂટી ગઈ. વિજળી જેવા તેજસ્વી ઘોડા ઢીલાઢફ થઇ ગયા. સર્વત્ર ભય વ્યાપી ગયો. પછી તો બધાય એક-પછી-એક રથમાંથી ઊતરવા લાગ્યાં : આજે ભગવાનનાં દર્શન કરવા નહિ જવાય. કારણ, આપણને અંતરાય-કર્મ નડે છે. સાચી વાત તો એ છે, આપણું નિર્બળ તત્ત્વ જ આપણા માર્ગમાં અંતરાય નાંખતું હોય છે.

આપણા પ્રમાદને લીધે આપણે સત્કર્મ ન કરીએ તો પણ આપણે મનને એવા રીતે મનાવીએ છીએ કે આજે આપણા નસીબમાં સત્કર્મ લખાયું નહિ હોય. ધર્મના શબ્દોનો ઉપયોગ આજે બહાનાં કાઢવા માટે થઇ રહ્યો છે.

આપણે ઘણીવાર એમ કહીએ છીએ કે, આજે મને અંતરાય નડયો, એટલે વ્યાખ્યાનમાં ન આવી શકયો. પણ કોઇ દિવસ તમે એમ કહ્યું ખરું કે અંતરાયને લીધે હું આજે દુકાને ન જઇ શકયો ? એ વખતે તમને અંતરાય નહિ નડવાનો; કારણ કે ત્યાં તમારો સ્વાર્થ છે. સારા સારા એ શબ્દો આપણી નબળાઇઓને ઢાંકવા અને પોષવા માટે આપણે વાપરીએ છીએ.

પરંતુ જ્યારે આત્મામાં જાગૃતિ આવશે, અને તમારે ધર્મ કરવો હશે ત્યારે દુનિયાનું એક પણ તત્ત્વ એવું નથી કે જે આડે આવે.

મુંબઈ જેવા શહેરમાં માનવી પેટને માટે કેટલીય દોડાદોડ કરે છે. પરંતુ ધર્મ કરવા માટે અને વ્યાખ્યાન સાંભળવા માટે લોકોને સ્થળો દૂર પડે છે, પરંતુ જયારે આપણને એનો રંગ લાગશે ત્યારે આપણને માઇલો નજીક લાગવાના.

જેનું મન જોરદાર છે એને દૂર કાંઈ નથી. મન જેનું નબળું છે એને નજીક કાંઇ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલા માટે કહ્યું છે કે જે દૂર છે એ મનથી કરીને નજીક છે.

એટલે, માણસનું મન નક્કી થઇ જાય પછી એ ગાઉના ગાઉ અને પંથોના પંથ કાપે પણ ત્યાં પહોંચ્યા વિના રહે નહિ. બિલકુલ થાકે નહિ.

એ વખતે એક માણસ કહે કે, ભગવાનનાં દર્શન કરવા નીકળનારને દુનિયામાં રોકનાર કોણ છે? પણ બધાએ કહ્યું કે ધર્મની પાછળ બહુ ઘેલો ન થા. ભગવાન મહાવીર કયાં નાસી જવાના છે?

પેલો કહે છે: બીજો અવાજ સાંભળવા મારી પાસે કાન નથી. મારા કાનમાં અત્યારે ફકત મહાવીરનો જ અવાજ આવી રહ્યો છે.

જેના મનમાં એક જ અવાજ ગૂંજતો હોય એના કાનને બીજો અવાજ ગમતો નથી. પરંતુ આપણે તો સત્તર અવાજો સાંભળીએ, પણ એકેયમાં ઠેકાણું ન હોય.

એના કાનમાં એક જ અવાજ હતો. આંખમાં એક જ છબી હતી. અને મનમાં પણ એક જ મૂર્તિ હતી. એ દર્શન કરવા નીકળ્યો ત્યારે ગામના દરવાજા બંધ થવાની અણી પર હતા. કોઇકે એને કહ્યું કે બહાર તો ભય છે. પણ એ સાંભળ્યા વિના જ જોતજોતામાં એ બહાર નીકળી ગયો. એને ઝાલવા માટે બહાર જવાની તો કોઈની હિંમત જ નહોતી.

એવી રીતે આપણા મનમાં ભય છે. આથી જ માણસ ધ્રૂજે છે. અને દરવાજા બંધ હોય તો પણ ડર લાગે છે.

પછી નગરરક્ષકને રાજાએ પૂછ્યું કે બધા સલામત છે?

નગરરક્ષકે જવાબ આપ્યો કે, 'ના, પેલો વણિક બહાર નીકળી ગયો છે. એને ઘણું સમજાવ્યો. પરંતુ એ તો કહે કે મારા કાનમાં ફકત ભગવાનનો અવાજ સંભળાય છે. બીજા માટે મને ફુરસદ નથી; ભગવાનની છબી સિવાય બીજી કોઇ છબી જોવાનો અવકાશ નથી; અને મનમાં ભગવાનનો જ ભાવ રમી રહ્યો છે.'

ત્યારે શ્રેણિકે પૂછયું કે, આ અવાજ શેનો છે? આ ભય શેનો છે? અને ગામ કેમ આટલું બધું ધ્રૂજી રહ્યું છે?

ત્યારે કહ્યું કે, 'સાહેબ, એક રૂપાળી, ખૂબ સુંદર છોકરી, છાબડીમાં તાજાં ખીલેલાં ફૂલોને લઇને આવતી હતી એ માળણની છોકરી આપને યાદ આવે છે?

'હા, યાદ આવે છે. એ માળણ સુંદર તાજાં પુષ્પો લઇને આવતી હતી. પાછળ એક માળીનો છોકરો પણ આવતો હતો. એ બન્ને નાનપણથી જ સાથે જ રહેતાં હતાં, તેથી એમના બાપે એક જ રાગ હોવાથી લગ્ન કરી આપ્યાં હતાં. પણ તેનું શું?'

તેઓ બન્ને હંમેશા સાથે હોય. દૂધ અને પાણીના જેવી તેમની મૈત્રી હતી. ફૂલો ચૂંટવા જવાનું હોય તો પણ સાથે. માળા ગૂંથવાની હોય તો પણ સાથે. એમનું એક જ કામ હતું કે રાજદરબારમાં જઈને જે લોકો પ્રભુ-પ્રેમી હોય તેમને સુંદર માળાઓ બનાવી આપવી.

એ લોકો એવાં ભકત હતાં કે પોતાના ધર્મ ઉપરાંત બધાય ધર્મોને માનતાં હતાં, એટલે ભગવાનને ચડાવવાનાં ફૂલ કરમાયેલાં ન હોય, કળીવાળા કે વાસી ન હોય એની ખાસ કાળજી રાખતાં. તાજાં પુષ્પો જ ભગવાનને ચઢાવવા માટે આપતાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાના ભગવાન યક્ષને માટે પણ સુંદર માળા બનાવતાં. બન્ને જઈને એ માળા યક્ષને ચઢાવતાં. પગે લાગતાં અને પછી બહાર આવી, માળી મૃદંગ બજાવે અને માળણ નૃત્ય કરે. આમ સુંદર વાતાવરણ જામતું. લોકો કહેતા કે, ભકિત તો આનું નામ.

આપણે ભગવાન પાસે જઇએ અને આપણી જાતને ભૂલીએ નહિ તો, ભગવાન પાસે ગયા એ ન ગયા બરાબર છે. ભગવાન પાસે જાઓ ત્યારે તમે તમારી જાતને ભૂલી જાઓ કે, હું કોણ છું. એ આત્મવિસ્મૃતિ એટલે જ ભગવાનની ભક્તિ. આપણી જાત જો યાદ આવતી હોય તો હું અને તું બે જુદા છીએ. અને ત્યાં મજા નથી.

યાદ રાખજો કે, સાકર દૂધમાં ઓગળ્યા સિવાય કદી મીઠાશ નહિ આપી શકે. જો ગાંગડો પડયો હશે તો ગાંગડો અને દૂધ જુદાં રહેશે. એવી રીતે ભગવાનમાં તમે ઓગળો નહિ, એક બનો નહિ ત્યાં સુધી એકતાની મજા તમે માણો કેવી રીતે ?

ભક્તિ એટલે બીજું કાંઇ જ નહિ. ત્યાં તમે બધાય ભાવ ભૂલી જાઓ અને ‘હું ભગવાનરૂપ એકતાદાત્મ્ય બની ગયો અને ભગવાન અને હું જુદા જ નહિ’ એવો ભાવ કેળવવો જોઇએ. એટલા માટે જ એક કવિએ કહ્યું છે કે, હે મહાપૂજ્ય, તારી સાથે ઐકય સાધવામાં આભૂષણો અંતરાયરૂપ થાય છે. મારે આ આભૂષણ નથી જોઈતાં. કારણ ત્યાં મને ખ્યાલ આવે છે કે હું મોટો છું. મારામાં કંઇક મહત્તા છે. માટે મારું કંઇક સ્થાન છે. મારામાં એકતા નથી. ભગવાન આગળ જાઓ ત્યારે બધું ભૂલી જવાનું.

જેમ સાકર દૂધમાં ઓગળે છે એમ જ્યારે માણસ ભગવાનમાં એક થાય છે ત્યારે એની મીઠાશ અને મધુરતા માણે છે.

આમ માળી અને માળણ એવી ભક્તિ કરે છે કે જાણે પુષ્પ અને પરાગની જોડી. એમની પ્રીત અને એમનાં નૃત્ય લોકો જ્યારે જુએ ત્યારે કહે કે ખરેખર, આ બેનાં જીવનની કલા એટલે સુંદર નૃત્ય અને ભાવ !

ગામના દુર્જનો એમને જોવા જાય ને એમના હૃદયમાં સારો ભાવ જાગવાને બદલે દુર્ભાવ જાગે કે, આવું સુંદર નૃત્ય કરતી, આવા સુંદર રૂપવાળી, આવી સુંદર માળા ગૂંથે એવી આ માળણ આ મામૂલી સાથે શોભે? આ માળી પાસે તો બંગલો, પૈસા કે કાંઇપણ ન મળે.

જે શ્રીમંતોને પૈસા સિવાય બીજું કાંઈ સૂઝે નહિ અને પોતાના દીકરાનું શું થાય છે એ જુએ નહિ એવા શ્રીમંતોના દીકરા વિચાર કરે છે કે આ માળણને આપણે કોઈ પણ હિસાબે હાથ કરવી જોઈએ. આને માટેના કાવતરાં રચાવાં લાગ્યાં.

પરિણામ એ આવ્યું કે એક દિવસ એ બન્ને નૃત્ય કરવા માટે એક મંદિરમાં ગયાં ત્યારે આ લોકો પણ પાછળ પાછળ ગયા. અને પેલો માળી મૃદંગ વગાડતો હતો ત્યાં એને પાછળથી પકડીને થાંભલા સાથે બાંધી દીધો. અને એના દેખતાં માળણની સાથે ચેષ્ટા કરવા લાગ્યા. આ બધું જોઇ માળીનો તો જીવ બળી ગયો. આંખો લાલચોળ થઈ ગઇ. પણ બંધનમાં બંધાયેલો હતો એટલે લાચાર હતો.

આ વખતે એનું મન વિચારે ચડી ગયું કે આટલાં વર્ષો સુધી મેં યક્ષની ભક્તિ કરી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુષ્પો ચઢાવ્યાં એનું ફળ આ જ કે? એના મંદિરની અંદર જુલમ થાય અને એનો જવાબ કંઈ ન મળે? માળી યક્ષની સામે જોઈને બોલ્યો : 'હે યક્ષ, તું હવે ખરેખર યક્ષ નથી, કેમકે મેં તારી આટલાં વર્ષો સુધી ભક્તિ કરી છતાં એનું પરિણામ કાંઇ ન આવ્યું અને તારા દેખતાં જ અમારા પર આ અત્યાચાર ગુજરી રહ્યો છે. મૂંગો મૂંગો તું આ બધું જોયા કરે છે, લાગે છે કે તારામાં હવે દેવપણું રહ્યું નથી.'

ત્યાં જ યક્ષ પ્રગટયો અને એના શરીરમાં પ્રવેશ કર્યો. આથી માળીમાં શક્તિ પ્રગટી, દોરડાં છૂટી ગયાં. અને એનું બળ એટલું બધું વધ્યું કે એણે એ બધાયને પછાડી પછાડીને મારી નાંખ્યા.

આમ એકવાર શરીરમાં શક્તિ પ્રવેશી પછી એને કાઢવી બહુ મુશ્કેલ છે. પછી એ શક્તિ દૈવી હોય કે આસુરી હોય. આ આસુરી શક્તિએ એના મનમાં એવો દઢ નિશ્ચય પ્રગટાવ્યો કે આજથી મારે રોજ છ પુરુષ અને એક સ્ત્રીને મારવાં.

એને વારવાની કોઇનીય હિંમત ન ચાલી. કારણકે જે કહેવા જાય એ મરી જાય.

અત્યાચાર અને અનાચાર સામે જો કોઈ અવાજ ન ઉઠાવે તો એનો દંડ પ્રજાને પણ ભોગવવો પડે. આપણે ઘણીવાર કહીએ છીએ કે, 'આપણે આપણું સંભાળો.' પણ બીજાઓનો ગુન્હો પણ આપણે સહન કરવાનો છે. એટલે પ્રજામાં એક પણ ખરાબ તત્ત્વ પ્રવેશે તો એની અસર આખીય પ્રજા પર થાય.

તમારું ઘર તમે ચોખ્ખું રાખો પણ તમારા ઘરઆંગણે જો કચરો હશે તો બહાર જતાં તમારા પગો કચરાવાળા થવાના છે. વળી બહારથી ઊડીને એ કચરો ઘરની અંદર આવવાનો છે. સમાજના દોષ વ્યક્તિને પણ લાગુ પડે છે. એટલા માટે વ્યક્તિની શુદ્ધિ એ સમાજની શુદ્ધિ છે. એટલે જે સમાજ આવા જુલમને રોકે નહિ એ સમાજને પણ સજા થવી જોઇએ.

આમ રોજ છ પુરુષ અને એક સ્ત્રી એને મળે નહિ ત્યાં સુધી એ જંપે નહિ. આ અર્જુન નામનો દેવ હતો અને એ માળીમાં પ્રવેશી ગયો, એટલે અર્જુન માળી થયો. આ અરસામાં ભગવાન મહાવીર વિહાર કરતાં કરતાં ત્યાં નીકળ્યા.

એમને ખબર હતી કે સાત જણને મારનારો અર્જુન માળી આ પહાડોમાં ફરી રહ્યો છે. છતાં ભગવાન આવ્યા, કારણ કે એ નિર્મળ હતા. એમના હૃદયમાં અભય હતો, કરુણા હતી.

જેમ પાણીમાં ગમે એટલો મોટો અંગારો પડે તો પણ અંગારો ઠરશે પણ પાણી નહિ બળે, એમ જેની પાસે કરુણા અને દયા પડી છે એને દુનિયાના દુષ્ટોનો ભય નથી. ત્યાં ગામને પાદરે ભગવાન તો નિર્ભયપણે આવીને ઊતર્યા. વંદના કરવા લોકો પાદરે આવવા નીકળ્યા, ત્યાં તો આજુબાજુ શોરબકોર થવા લાગ્યો. સંદેશવાહકે શ્રેણિક મહારાજાને સમાચાર આપ્યા : 'અર્જુન માળી ગામને પાદરે આંટા મારે છે. હજુ સુધી એણે સાત માણસ માર્યા નથી એટલે એ ગર્જના કરી રહ્યો છે.'

પણ શ્રેણિકે કહ્યું : પેલો ગામના ધનાઢયનો દીકરો તો ચાલ્યો ગયો એની પાસે તો તલવાર, ભાલો કે એવું કોઇ સાધન પણ નહોતું. એનું શું થશે?' શ્રેણિકની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. કિલ્લાની બારીમાંથી જોવા લાગ્યા કે એ કયાં જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેલો તો ધૂનમાં ને ધૂનમાં ચાલ્યો જાય છે. જેના હૃદયની અંદર ભગવાન છે, જેની આંખોમાં એમની છબી છે અને મોઢામાં ભગવાનનું નામ છે, એને કોઈ પણ જાતનો ભય હોતો નથી.

ખરી વાત તો એ કે ભય કયાં છે? તમે વિચારવા જાઓ તો ભય છે અને વિચારમાંથી પાપ કાઢી નાંખો તો અભય. દુનિયાના ભય આવે છે એના પહેલાં તો માણસ પોતાના મનમાં ભય ઊભો કરે છે. ભય જેટલો ભયંકર નથી એના કરતાં માણસના વિચારનો ભય વધારે ભયંકર છે.

આમ એ ચાલ્યો જતો હોય છે ત્યાં દૂરથી પેલો અર્જુન માળી આવે છે. એની મોટી મોટી આંખો લાલ અંગારા જેવી છેઃ મોટું પડછંદ શરીર છે અને એના પગલાં સિંહ જેવા મોટાં છે. એનું રૂદ્ર સ્વરૂપ જોઇને જ માણસ અડધો મરી જાય.

લોહીથી ખરડાયેલાં કપડાંને ધોવા માટે સાબુ અને પાણી જોઇએ. હિંસાને ખાળવી હોય તો અહિંસાથી ખાળી શકાય. ઘરમાં કોઇ તપેલું હોય તો તમે તપો નહિ પણ ઠંડા થાઓ. એ અગ્નિ હોય તો તમે પાણી થાઓ.

સુદર્શન તો કાયોત્સર્ગ કરી ઊભો રહ્યો. એના મનમાંથી શુભેચ્છાનાં આંદોલનો નીકળવાં લાગ્યાં- "એનું ભલું થાઓ, એનો ક્રોધ શમી જાઓ અને એની દાનવતા માનવતામાં ફેરવાઇ જાઓ. મૈત્રીની મધુરતા પ્રસરી જાઓ."

અર્જુનને થયું કે આ શું થાય છે? હું ભલભલા માણસને ઊંચકીને ફેંકી દઉં છું. આ નાનકડો માનવી કેવો સુંદર છે! એના મુખ પર કેવી શાંતિ છે! આંખો કેવી સુરમ્ય છે! માનવીનું મૌન એ કોઇકવાર ઉપદેશ આપવા કરતાં પણ વધારે કામ કરી જાય છે. કેટલીક પળો એવી હોય છે કે તમે ચૂપ રહો. અને એ ચૂપ વાણી કરતાં વધારે બોલે છે!

અર્જુન જેમ જેમ નજીક આવતો ગયો એમ એ ઓગળતો ગયો. અને જેવો એ એની નજીક આવ્યો તેવો જ એની અંદર જે યક્ષ હતો એ ભાગી ગયો. એ કોની પાસે ઊભો રહે? અંધારું અજવાળા આગળ કેટલી ઘડી ટકી શકે? શાંત માળી એની પાસે આવીને ઊભો રહ્યો. હવે એનું શરીર થાક અને શ્રમથી ભીનું ભીનું થઇ ગયું. પેલા યક્ષને લીધે એ આમ કરતો હતો. જેમ દારૂડિયો, દારૂના કેફને લીધે ધમાધમ કરે, અને કેફ ઉતરી જાય એટલે મડદા જેવો થઈ જાય છે.

સુદર્શને એને કહ્યું: 'તું ચાલ મારી સાથે. હું જેમની પાસે જાઉં છું એમની પાસે તારાં મેલ અને ગ્લાનિ નીકળી જશે.'

આમ ભગવાન મહાવીર પાસે માળીને એ લઈ જાય છે. ત્યાં દૂરથી મીઠી ઘંટડી જેવો અવાજ સંભળાય છે.

વાણી તો ઘણી સાંભળી પણ ભગવાનની વાણી તો અદ્‌ભૂત છે.

અર્જુન માળી પૂછે છે : 'આ શું સંભળાય છે?'

સુદર્શન કહે : 'હજુ તો દૂરથી સંભળાય છે, નજીક ચાલ, એમને જો અને તને સમજાશે કે અહિંસાનો આત્મસાક્ષાત્કાર કેવો હોય છે.'

બંને ભગવાનની નિકટ આવ્યા.

પરંતુ ભગવાન મહાવીર તો આવા ક્રૂર પ્રત્યે પણ કરુણા રાખે છે. એ તો ભગવાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. અને ભગવાન એનું નામ કે જે ખરાબ કામો કરનાર લોકો પ્રત્યે પણ પ્રેમ અને કરુણા વરસાવે.

ભગવાન તો જાણે છે કે એ શું કરીને આવ્યો છે. પણ હવે શું ? ભગવાન કેવળજ્ઞાનથી જાણતા હતા કે આ લુચ્ચો છે, ખૂની છે. ઘણાં ખૂન કરી આવ્યો છે. અંતર્યામી બધુંય જાણે છે અને છતાં પણ એમની આંખોમાંથી એના પર અમીવર્ષા થઈ રહી છે.

ભગવાને કરુણાની એવી ધારાઓ વરસાવી કે એનો સ્પર્શ થતાં જ એને થઈ ગયું કે, હું કેવો પાપી છું. હૃદય ભરાઈ આવવાથી હૈયાફાટ એ રુદન કરવા લાગ્યો : 'કયાં આ દૈવી મૂર્તિ અને કયાં મારું અધમતા ભર્યું જીવન ! મેં કેટલાય લોકોને માર્યા, કેટલાયનાં ખૂન કરી નાંખ્યાં. એમણે મારું શું બગાડયું હતું કે મેં એમને મારી નાંખ્યા ?'

માળી ભગવાનનાં ચરણમાં માથું ઝૂકાવી કહે છેઃ 'હે ભગવાન, મારું શું થશે ? મેં આટઆટલાં ખૂન કર્યાં; મેં મારા તનને, મનને અને વિચારને લોહીથી ખરડી નાખ્યાં છે.

કરુણાસાગર ભગવાને કહ્યું: 'એ ગમે એવાં ખરડાયેલાં હોય તો ય એને ધોવાનો અવકાશ છે. હે માળી, તું હજી પણ સુધરી શકે છે. તું તારા મનને તૈયાર કર. તારા પાપને હઠાવી નાંખીશ, તો શ્રેય થશે જ. તારું અંદરનું તત્ત્વ તો સારામાં સારું છે. ઉપર કાટ ચડયો છે.'

ત્યારે પેલાએ કહ્યું: 'ભગવાન, મારો ઉદ્ધાર કરવા માટે ચારિત્ર્ય આપો.'

ભગવાને એને દીક્ષા આપી.

લોકો વાતો કરે છે કે, આવા ખૂનીને પણ ભગવાને દીક્ષા દીધી. પણ ભગવાન તો જાણે છે કે વધારે ચડેલો મેલ વધારે ધોવાનો છે.

એણે પ્રતિજ્ઞા કરી કે ભગવાન કહે એમ મારે કરવું. પછી ભગવાને કહ્યું કે, ગામના ચાર દરવાજા છે. એ દરેક દરવાજે જઈ દોઢ દોઢ મહિના સુધી તું કાયોત્સર્ગમાં ઊભો રહે. જે જાતના ઉપસર્ગો આવે તે દરેક ઉપસર્ગોને તું શાન્તિથી સહન કર ।

આ અર્જુન માળી સાધુ થયો. પહેલાં ગામના પૂર્વ દરવાજે જઈને ઉભો રહ્યો. એ સાધુના વેશમાં હતો. ત્યાં એક ભરવાડ આવ્યો. ભરવાડને થયું કે આ જ સાધુ છે જેણે મારા છોકરાને મારી નાખ્યો હતો અને આજે સાધુના વેશમાં એ ઊભો છે. એની પાસે ડાંગ હતી એ એના માથામાં મારી. લોહીની ધારા વહેવા લાગી.

અર્જુન માળી વિચાર કરે છે કે તે દિવસે મેં તો એના છોકરાને માર્યો હતો. જ્યારે એણે તો ડાંગ મારી છે તે જરા લોહી વહે છે. કયાં મારી નાંખ્યો છે ? એ મનમાં વિચાર કરે છે; આ ભરવાડનું ભલું થજો કે મારાં કર્મો ખપાવવામાં મને સહાયતા આપી રહ્યો છે.

એટલામાં બીજો એક ભીલ આવ્યો. એનો ભત્રીજો આના હાથે મરી ગયો હતો. કાંટાની વાડમાંથી એણે કાંટાનું એક ઝાંખરું લીધું અને એના પર ઝીંકવા લાગ્યો. અર્જુનના શરીરમાં કાંટા ભરાઈ ગયા. વેદના અસહ્ય છે છતાં પોતાની જાતને એ પૂછે છે કે, તેં બીજાને માર્યાં હશે એ વખતે એમને કેટલું દુ:ખ થયું હશે ? તને કાંટાની વેદના ખટકે છે, પણ બીજાના તો તેં પ્રાણ લીધા હતા; એ વખતે એનું શું થયું હશે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દોઢ મહિનો અહીં પૂરો કરી એ પશ્ચિમમાં ગયો. પછી ઉત્તરમાં અને દક્ષિણમાં ગયો. આમ છ મહિના સુધી એણે માર સહન કર્યા. પથ્થરો ખાધા. લોહીની ધારાએ વહી. આખા શરીરમાં રંગ કે રૂપ દેખાય નહિ એવા પ્રકારના ઘા પડયા પણ એણે નકકી કર્યું કે મારા પર કોઇ સહાનુભૂતિ ન બતાવે.

આજે તો આપણે આપણા પ્રત્યે કોઈક સહાનુભૂતિ બતાવે એમ ઇચ્છીએ છીએ.

આપણું કોઇ કામ ન કરે તો આપણે કહીએ છીએ કે, મને કોઈ સહાનુભૂતિ પણ બતાવતું નથી. પણ આપણને કોઈ બીજાની સહાનુભૂતિ નહિ પણ આત્માની જ સહાનુભૂતિ જોઇએ. આત્માની અંદરથી નીકળતી સહાનુભૂતિ એવી મોટી છે કે એની પાસે બીજાની સહાનુભૂતિ કંઈ જ હિસાબમાં નથી.

એણે છ મહિના સુધી અખંડ તપ કર્યું. એણે એક પણ દુર્ભાવ ન કેળવ્યો. એની આંખ આગળ ભગવાનની છબી રમતી હતી. એને થયું કે કેવી સુંદર કરુણા એમાંથી નીતરી રહી છે! કેવો સુંદર મધુર અવાજ એના કાનમાં આવી રહ્યો છે! એવો વિચાર એ કરે અને દુઃખોને ભૂલી જાય.

એમ કરતાં કરતાં છ મહિના થયા અને અર્જુન માળીના બધાંય કર્મો ખપી ગયાં. એનો આત્મા નિર્મળ થયો અને કેવળજ્ઞાન થયું. કારણ કે એણે પોતાના આત્માનું સંશોધન કર્યું. આત્માને ધોઇ નાંખ્યો અને એનાં દાનવ કરતાંય કાળામાં કાળાં કર્મો હતાં એને સાફ કરી નાંખ્યાં.. એનો આત્મા કાંચન જેવો નિર્મળ બની ગયો.

ભગવાનના એક જ સમાગમે અર્જુન માળીનું જીવન સુધરી ગયું. લોકો વાતો કરવા લાગ્યા કે અર્જુન માળીને સુધારનાર કોણ? એને ભગવાન પાસે લઈ જનાર કોણ? એને ભગવાનનો સમાગમ કરાવનાર કોણ? પેલો એક નાનકડો વેપારી.

ગામમાં વાતો થવા લાગી કે આપણે ક્ષત્રિય થઈને પણ જે કામ ન કરી શકયા એ પેલો વણિક, કે જે ઊગતી યુવાનીમાં છે, સુંદર જેની કાયા છે, આશા અને અનંત ઉત્સાહ જેની સામે ઊભાં હતાં એવો માણસ મૃત્યુની સામે ગયો. અને અર્જુન માળી જેવાને પણ એણે ઓગાળી નાંખ્યો.

લોકો કહેવા લાગ્યા કે, ભગવાનના સમાગમને પામનારા બે માણસો તરી ગયા. અર્જુન માળીએ પોતાના આત્માને ધોયો. અને આ સુદર્શન શેઠે જીવનમાં અભય કેળવ્યો.

આ બે વસ્તુ સમજીને આપણે એ વિચાર કરવાનો છે કેઃ અર્જુન માળીએ ભગવાનનો સમાગમ સાધીને અંતરને નિર્મળ કર્યું એમ આપણે પણ ભગવાનની વાણી સાંભળીને આપણા અંતરને નિર્મળ કરીએ અને જીવનને અભય બનાવીએ. આપણા પર લાગેલા દોષોને આપણે દૂર કરીએ તો આપણો આત્મા પણ સ્ફટિક જેવો ઉજ્જવળ અને નિર્મળ બની જશે.

('દિવ્યદીપ'માંથી સાભાર.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દાનશૂર મેઘ !

( મેઘ જેવા દાની થવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. )

[ કવિ :-**સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ** ]

— હરિગીત —

રવિતાપથી થઈ તપ્ત વ્યાકુલ શુષ્ક એહ વસુંધરા
ઉત્સુક બની છે ભેટવા નૃપ મેઘને થઈ આતુરા
આવો કહી બોલાવતી એ મોહવિહ્વલ મેદિની
ક્ષણ જાય એનો માસસમ થઈ આર્ત તૃષિતા નંદિની ૧

ભેટો મને શાંતિ સમર્પો ધીર નહીં રહિયો અરે !
ભેટી કરીશું વૃક્ષરાજી દલ સુપુષ્પિતફલભરે
તારા મધુર મીલનથકી હું થઈશ શસ્યશ્યામલા
સહુ જીવ વરશે સુખસમુદ્ભવ હર્ષ જીવનની કલા ૨

મુજ ધીર ખૂટી આવ વહેલો શાંતિ સહુને આપવા
સૂરત હજુ જોઇ રહ્યો શું ? સુખ સમૃદ્ધિ આપવા
વધશે અહો મુજ દુઃખ મોટું શુષ્ક થઇ જીવન સહુ
મારા હૃદયની વેદના કેવા વચનમાં હું કહું ? ૩

કરૂણાનિધિ મેઘે સુણી એ આર્તવાણી ક્ષિતિતણી
એ દાનવીર ઉદાર ધારે તુષ્ટ કરવા મેદિની
લેઇ ક્ષારજલથી ઘટ ભરી કરી શુદ્ધ નિર્મલ જલતણા
થઇ બાષ્પરૂપી જઇ ગગનમાં ઘન બને મેઘો ઘણા ૪

સહુ શાંતિ તુષ્ટિ સમર્પણા કરવા જલદ કરી સિદ્ધતા
આકાશમાં સેના કરે ભેગી વિવિધ રૂપી તદા
હાથી રથો લેઇ અશ્વ દોડે શસ્ત્રસજ્જ દલો બધા
ઘનગર્જના કરી સૂચવે આગમન જલધર ગાજતા ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહગામિની સૌદામિની આવી સ્વરૂપ નિજ દાખવે
ચમકે નભસ્તલમાં અલૌકિક દીપ્તિ રવ ભૈરવ હવે
એ લોલ જિહ્વા મૃત્યુની તલવાર વા યમરાજની
કરતી કડાકા ને ધડાકા ભીતિ કાયર મનતણી ૬

આવ્યો જલદ વરણાગિયો થઈ વાજતો ને ગાજતો
એ સતત ધારાધર વરસતો અમૃતજલ હર્ષાવતો
થઈ હર્ષઘેલા મયૂર નાચી મેઘ નૃપસ્વાગત કરે
જે જગતને શાંતિ સમર્પી દાહ મેદિનીનો હરે ૭

સહુ જીવસૃષ્ટિ થઈ પ્રફુલ્લિત હર્ષ નિર્ભરતા વરે
ને શસ્યશ્યામલ કુસુમ ફલભૃત થાય તેથી સત્વરે
એ મેદિની ને મેઘસંગમ તૃષિતને જલ પાય છે
ભુખ્યાતણી એ ઉદરપૂર્તિ નિત્ય કરતો થાય છે ૮

ઔદાર્ય દાખવવું ઘટે એ મેઘનૃપનું માનવે
પ્રગટાવવો આત્માતણો ગુણ ભવિક શુચિ થઈ માનવે
ઉદ્ધાર સંસૃતિજલનિધિશી થાય સત્વર ગુણ વધી
બાલેન્દુ વિનવે ચરણરજ પ્રભુની ધરી શિર શુદ્ધધી ૯

---

## ચિંતનકણિકાઓ

જેમ સ્વચ્છ જલથી સ્નાન કરવામાં આવે તો શરીર ઉપર લાગેલો મેલ દૂર થાય છે તેમ આધી, વ્યાધિ અને ઉપાધિઓને વેગળી કરી, શાંતિ અને ક્ષમાને ધારણ કરી પર્વક્રિયારૂપી સ્વચ્છ જલમાં ડૂબકી મારવાથી આત્મા ઉપર લાગેલા ચીકણાં કર્મો એકાએક દૂર થાય છે.

—મુનિશ્રી મનોજ્ઞસાગરજી.

*

કર્મો ભોગવ્યા વિના પણ નષ્ટ થઈ શકે છે, પણ એ ઈશ્વરદત્ત માફીથી નહિ, પણ પોતાના આધ્યાત્મિક તપથી. મતલબ કે કર્મો પોતાના ફળ ચખાડીને ખરી પડે છે એ તો જાણીતી વાત છે, પણ આધ્યાત્મિક તપના બળથી પણ-પોતાના ફળ ચખાડયા વગર જ—ખરી પડે છે એ ધ્યાનમાં લેવા જેવી બાબત છે. આધ્યાત્મિક તપના બળે કર્મો ખરી પડતાં હોવાથી એ રીતે સર્વ કર્મોથી મુક્ત થઈ, મુક્ત થઈ શકાય છે.

—મુનિશ્રી ન્યાયવિજયજી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " જીવન—સાચી દૃષ્ટિ "

( આચાર્ય શ્રી રજનીશના એક પ્રવચન પરથી સંકલન કરનાર : શ્રી બાલકૃષ્ણ ધ્રુવ.)

એક નાનકડી વાતથી આરંભ કરીએ. એક રાજા હતો. તેને ત્રણ પુત્રો હતા. જ્યારે તે રાજા વૃદ્ધ થયો અને મૃત્યુની સમીપ પહોંચ્યો ત્યારે તેને વિચાર થયો કે આ મારા ત્રણ કુમારોમાં કોણ સૌથી વધુ યોગ્ય છે. રાજાએ કુમારોની પરીક્ષા કરવા એક સંન્યાસીની સલાહ લીધી અને તે મુજબ, દરેક કુમારને એકસો રૂપીઆ આપીને, તેનાથી પોતપોતાના મહેલને પૂર્ણરીતે ભરી દેવા કહ્યું. દરેક રાજકુમારે માત્ર એકસો રૂપીઆથી જે ચીજ આવી શકે તેનાથી પોતપોતાનો મહેલ ભરી દેવાનો હતો. પહેલા રાજકુમારે વિચાર્યું, "આટલો મોટો મહેલ અને માત્ર સો રૂપીઆ ! હીરા-ઝવેરાત, સુવર્ણ, ઇ. મહેલને અનુરૂપ કોઇ પણ વસ્તુ આટલામાં આવવી અસંભવ છે !" ખૂબ વિચાર્યું પણ કંઈ ન સૂઝયું. છેવટે, પૈસાને તિજોરીમાં બંધ કરી, દરવાજે તાળું લગાવી સૂઈ ગયો. બીજા રાજકુમારે વિચાર્યું. એકસો રૂપીઆમાં કોઈ જ વસ્તુ મળવી અશકય છે, પણ કૂડો-કચરો તો મળી શકે ! એક કચરાવાળાને કહ્યું, કે " આખા મહેલને તેના ખૂણેખૂણાને તું કચરાથી ભરી દે. હું એકસો રૂપીઆ તને આપીશ." ગંદકીથી આખો મહેલ ભરી દીધો. એક ખૂણો પણ ખાલી ન રાખ્યો. પરંતુ તેની બદબૂથી, તે મહેલમાં તો શું, પાસેના રાજમાર્ગ પર પણ લોકો પસાર થઈ શકતા ન હતા. ત્રીજા રાજકુમારે કંઇ બીજું કર્યું. પંદરેક દિવસ બાદ રાજા ત્રણે કુમારો પાસે ગયા. પહેલા રાજકુમારે પૈસા આપ્યા. સો રૂા માં શું આવે ? બીજા રાજકુમાર પાસે ગયા. તેણે ગંદકીથી આખો મહેલ ભર્યો હતો. એક ખૂણો-તસુ જગા-પણ ખાલી રાખી ન હતી. પરંતુ તે દુર્ગંધનો ત્રાસ માત્ર મહેલના માણસોને જ ન હતો, આજુ બાજુના લોકો પણ 'ત્રાહિ-ત્રાહિ' પોકારી ઉઠયા હતા. રાજા ત્રીજા કુમાર પાસે ગયા. ત્રીજા કુમારે આખાયે મહેલમાં દીવા સળગાવ્યા હતા. રાજાએ પૂછયું, "મહેલ તો ખાલી છે ?" કુમારે જવાબ દીધો : "જેને જોવા માટેની આંખો છે, તેને માટે મહેલ ખાલી નથી. મેં મહેલને પ્રકાશથી ભરી દીધો છે. પ્રકાશથી અન્ય કોઇ સારી વસ્તુ ઉપલબ્ધ નથી. આ મહેલમાં એક ઇંચ પણ જગા બાકી નથી જયાં 'પ્રકાશ' ન હોય !" આ કુમાર પરીક્ષામાં સફળ થયો.

આપણે નકકી કરવાનું છે કે આપણે આ ત્રણમાંથી કોણ છીએ ! જીવન એક પરીક્ષા છે. જીવન તે Kingdom of God (ઇશ્વરનું રાજ્ય) છે. આપણે આપણા જીવનને શેનાથી ભરવું છે તે નકકી કરવાનું છે. પહેલા રાજકુમારે વિચાર્યું. 'શકિત સીમિત છે. જીવન નાનું છે.' તેથી તેણે તેને ખાલી જ છોડી દીધું. શું આપણે પણ તેની જેમ જીવનને વ્યર્થ, નિરાશ, ઉદાસ છોડી દેવું છે કે જેથી અંતિમ ક્ષણોમાં પણ આપણી પાસે કંઇ જ બાકી ન રહે ? બીજા કુમારે જીવનને કૂડા-કચરાથી ભર્યું. તે પોતે પણ તે દુર્ગંધથી દુઃખી થયો અને બીજા અનેકને પણ દુઃખી કર્યા. આપણે યાદ રાખીએ કે આપણા જીવનમાં રૂપીઆ પૈસાનું મૂલ્ય વસ્તુતઃ કૂડા-કચરાથી વિશેષ નથી. તેવો કૂડોકચરો એકઠો કરવા કરતાં તો જીવનને ખાલી જ રાખવું યોગ્ય છે ! ત્રીજા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકારના લોકો કમ હોય છે. જીવનમાં પ્રકાશ પાથરનાર લોકો જ જગતના આનંદ, સૌંદર્ય અને સત્યનો અનુભવ કરી શકે છે. આપણે આપણા જીવનને પ્રકાશથી કઈ રીતે ભરી શકીએ તે વિચારીએ.

કયા કારણોથી માણસ જીવનને ખાલી, વ્યર્થ છોડે છે? કયા કારણોથી આપણે જીવનને કૂડાકચરાથી ભરી દઇએ છીએ કે જે જીવનન ખાલી છોડવા કરતાં પણ, વધુ ખતરનાક છે? આપણી અંદર સુંગધ હશે તો હવા તેને દૂર દૂર ખેંચી જશે; આપણી અંદર દુર્ગંધ હશે તો તેને વાયુ બધે પ્રસરાવશે. કયા કારણે માણસ શૂન્ય રહી જાય છે તે વિચારીએ. જે બીમાંથી ફૂલ ફૂટવાનું હતું, સુવાસ પ્રસરવાની હતી, ત બી બીજ રહી જાય છે! જે વીણામાંથી અમૃતસંગીત નીકળવાનું હતું તેને કેમ કોઇએ છેડી નહીં, તેના તાર કેમ ઝણઝણ્યા નહીં?

જે જન્મને જ જીવન માને છે તે ખાલી જ રહી જાય છે. જન્મ જીવનનો પ્રારંભ છે; મુખ્ય વાત નહીં, જીવન પોતે નથી. કૂતરાને જીવન જન્મમાં જ મળે છે, મનુષ્યને નહીં. મનુષ્યને તો જન્મથી એક અવસર, સંભાવના (Possibility) જ પ્રાપ્ત થાય છે. મનુષ્યતા અર્જિત છે, સાધનાથી ઉપલબ્ધ હોય છે. મનુષ્ય એક અનંત સંભાવના છે. તે અંધકાર પણ હોઈ શકે, પ્રકાશ પણ હોઇ શકે.

રોમમાં એક મોટો ચિત્રકાર હતો. મૃત્યુ સમયે તેને કોઈએ પ્રશ્ન કર્યો "આખા જીવનનું તારૂં મહાન ચિત્ર કયું છે?" તેણે જવાબ આપ્યો, "બે. એક ચિત્ર હું યુવાન હતો ત્યારે દોરાયેલું અને બીજુ અત્યારે. હું યુવાન હતો ત્યારે જેની આંખોમાં અલૌકિક દર્શન મળે તેવી વ્યકિતની શોધ માટે હું નિકળી પડયો. વર્ષોની શોધ પછી જંગલમાં એક વાંસળી વગાડતા ભરવાડમાં તે દિવ્યતાની ઝલક મેં જોઇ. તેનું મેં ચિત્ર દોર્યું ને તે ચિત્રને 'ઈશ્વરની છબી' નામ આપ્યું. મારૂં તે ચિત્ર ખુબ વખણાયું. બરાબર વીસ વર્ષ પછી મને વિચાર આવ્યો: મેં ઈશ્વરની છબી તો બનાવી, હવે શેતાનની છબી પણ બનાવું. શેતાનની શોધ માટે પણ હું ખૂબ રખડયો. એક પણ પાગલખાનું, શરાબઘર, કે જુગારના અડ્ડામાં શોધ કરવાનું મેં બાકી ન રાખ્યું. છેલ્લે મને એક આવી હિંસા અને ક્રૂરતાની મૂર્તિ મળી. તે હતો ફાંસી પર ચઢવા માટે તયાર થયેલો એક આદમી. તેના મુખ પર મારી કલ્પનામાં હતી તેવી જ ક્રૂરતા અને ઘૃણા ઠાંસોઠાંસ ભરી હતી. મેં તેની છબી બનાવી. ચિત્ર પુરું કર્યા બાદ બન્ને ચિત્રો સાથે રાખીને હું જોવા લાગ્યો ત્યારે તે કેદી રડતો હતો. મેં તેને રડવાનું કારણ પૂછયું. તેણે કહ્યું કે "પહેલું ચિત્ર પણ મારૂં જ હતું; જંગલનો વાંસળીવાળો પણ હુ જ હતો." આવી સંભાવના, આવી શકયતા, એક જ મનુષ્યની છે. એક જ મનુષ્ય નીચે જઇ શકે છે અને ઉપર પણ. જીવન જન્મ સાથે મળતું નથી; જન્મ સાથેનો 'મૃત્યુ' મળે છે. જીવન નહીં. જીવન પ્રાપ્ત કરવું પડે છે, મેળવવાનું હોય છે. આપણે રોજ પ્રતિપળ મરીએ છીએ. એક દિવસ આ પ્રક્રિયા પુરી થાય છે. તે જ મૃત્યુ છે. જેમ બીમાં વૃક્ષ છૂપાયેલ છે તેમ જન્મમાં મૃત્યુ.

જીવન મેળવી પણ શકાય છે. અને ગૂમાવી પણ શકાય છે. જે માત્ર મસ્જિદમાં જાય છે, ચોટલી રાખે છે, ગીતા કે કુરાન વાંચે છે તે ધાર્મિક નથી; જે પ્રતિપલ અમૃતની ખોજ કરે છે, જે ચૂપચાપ બેઠો રહીને માત્ર મૃત્યુની પ્રતીક્ષા કરી રહ્યો નથી, જે ઝૂઝી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહ્યો છે, તે જીવન જીવે છે, તે ધાર્મિક છે.

આપણે ચોવીસે કલાક સંઘર્ષ અને યુદ્ધ માટે તૈયાર છીએ, પણ આપણે મોતથી બચવા માટે ભાગીએ છીએ; અમૃત મેળવવા માટે નહી.

એક રાજાએ રાત્રે સ્વપ્ન જોયું. સ્વપ્નમાં કોઈ કાળી છાયા તેને ગળે હાથ મૂકતી હતી. તે છાયાએ કહ્યું "હું મૃત્યુ છું અને કાલે સાંજે અમુક સ્થળે તારી રાહ જોઇશ." રાજા તે સ્થળનું નામ પૂછે ત્યાં તો ઊંઘ ઊડી ગઈ. વહેલી સવારે રાજાએ પંડિતોને બોલાવ્યા અને સ્વપ્નનો અર્થ પૂછયો. મોટા પુસ્તકોમાંથી પંડિતો અર્થ શોધવા લાગ્યા. (પંડિતો પાસે પુસ્તકો સિવાય બીજું હોય છે પણ શું ?) મૃત્યુમાંથી બચવા માટે ધમાલ શરૂ થઇ ગઈ. પરંતુ મોતથી બચવાનો સવાલ જ નથી. જન્મને દિવસે જ મોત ઘટિત થઇ ગયું છે. જે માણસ મોતથી બચવા માટે હું શું કરૂં તેવો પ્રશ્ન કરે તે અધાર્મિક છે; જે માણસ જીવન પ્રાપ્ત કરવા માટે હું શું કરૂં એમ પૂછે તે ધાર્મિક છે. સ્વપ્નનો અર્થ નક્કી કરવા માટે પંડિતો તો પોતપોતાના શાસ્ત્રોના વિવાદમાં પડી ગયા. સમય તો ચાલ્યો જતો હતો. સાંજ પાસે ને પાસે આવી રહી હતી. રાજા પણ ચિંતિત હતો. એક વૃદ્ધ નોકરે આ જોયું અને રાજાને કહ્યું. "આ પંડિતો ભલે ચર્ચા કર્યા કરે, તેમની ચર્ચાનો અંત આવશે નહીં. પણ મારી બુદ્ધિ તો કહે છે કે, આ કાળા ડીબાંગ મહેલમાંથી આપ જેટલા દૂર નીકળી જાવ તેટલું વધારે સારૂં છે. મારૂં માનો તો અશ્વશાળામાંથી એક સારો અશ્વ મગાવો ને સાંજ સુધીમાં દૂર-સુદૂર નીકળી જાઓ કે જ્યાં મોતની આ કાળી છાયા પહોંચી શકે નહીં.

રાજાએ ઘોડો મગાવી ભાગવું શરૂ કર્યું. તેની પ્રિય પત્ની પણ તેને યાદ ન આવી. જેના વિના એક ક્ષણ પણ તે રહી શકતો ન હતો તે પરમ મિત્રોનું પણ તેને સ્મરણ ન થયું. જે ઘોડો પણ સાથે હતો તે પણ દોડવા પૂરતો જ. ભૂખ્યો અને તરસ્યો રાજા માઈલો દૂર નિકળી ગયો. જગતના બધા જ માણસો આજે આવી જ અર્થહીન દોડ કરતા નથી ? કોઇને પૂછો કે પ્રાર્થના કરે છે ? ભક્તિ કરે છે ? જવાબ મળશે કે ફુરસદ જ કયાં છે !

રાજાએ સાંજે એક ઝાડ સાથે ઘોડાને બાંધ્યો. તેનો ખૂબ આભાર માન્યો. હવે તો તે મહેલ અને તે કાળી છાયા કયાંય દૂર રહી ગયા. પણ વસ્તુસ્થિતિ તેથી ઊલ્ટી હતી. રાજા જેને જીવન સમજ્યો તે મોત જ નિકળ્યું. તે કાળી છાયા તેજ વૃક્ષ નીચે રાજાની પ્રતીક્ષા કરી રહી હતી. જીવનભર આદમી મોતથી નાસે છે અને મોતને જ પહોંચે છે. આપણે મોત તરફથી આંખ ફેરવી લઇએ છીએ, મોતને પીઠ દેખાડીએ છીએ. સ્મશાનને ગામ બહાર રાખીએ છીએ. છતાં મોતથી અતિરિકત કંઇજ નિશ્ચિત નથી. મોત સુનિશ્ચિત છે, કારણ જન્મ સાથે જ નક્કી થયેલ છે.

આપણે પ્રભુસમિપ હોઇએ ત્યારે આપણું જીવન ખાલી ન હોય તેનો આપણે ખ્યાલ રાખવો જોઇશે. જે જીવનને આનંદથી ભરી શકે છે તે જ અમૃતનો આસ્વાદ લઈ શકે છે. પરંતુ તે માટે પ્રયત્ન કરવો પડે છે. શું આપણે જન્મથી જ ઇતિશ્રી માનીશું ? તો તો આપણું મૃત્યુ થઇ જ ગયું છે. તો આપણે એક પ્રેત જેવા જ છીએ અને પૃથ્વી પર આવા પ્રેતો અનેક છે. તેઓમાં કોઈ creative effort (નવસર્જનશક્તિ) હોતી નથી. તો તો આપણે એક એવા મનુષ્ય જેવા છીએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે જેની પાસે પાણી, ઘઉં, નમક, ઇત્યાદિ બધી વસ્તુઓ હોવા છતાં તેમાંથી રસોઈ બનાવતો નથી. જીવન માટે આપણી પાસે બધું જ ઉપલબ્ધ છે, છતાં પણ આપણે કાંઈ કરવા તૈયાર નથી.

જન્મ પછી આપણા હૃદયમાં તીવ્ર અસંતોષ (Deep Discontent) હોવો જોઈએ. કારણ, જીવનમાં આનંદ હોતો નથી, લાવવો પડે છે. આનંદ બહારથી વરસતો નથી, અંદરથી લાવવો પડે છે. આનંદ શ્રમ છે, સાધના છે, પ્રયત્ન છે, તે સિવાય આનંદ ઉપલબ્ધ થતો નથી.

એક સ્થળે એક મંદિર બનતું હતું. સેંકડો માણસો પત્થરો તોડીને મંદિરની મૂર્તિ બનાવતા હતા. એક મજુરને કોઈએ પૂછયું, "તું શું કરે છે?" તેણે જવાબ આપ્યો," જોતા નથી; આંખ નથી. પથરા તોડું છું." પત્થર તોડવાવાળો માણુસ ક્રોધી જ હોય ને! બીજા મજુરને પૂછયું તો તેણે જવાબ આપ્યો કે બચ્ચાની રોટી માટે આ પત્થર તોડી રહ્યો છું. ઉદાસ ચહેરે છતાં શાંતિથી તેણે જવાબ દીધો. ત્રીજો કોઈ મજુર ગીત ગાતો ગાતો પત્થર તોડતો હતો. તેને પણ તે જ પ્રશ્ન કર્યો. તેણે આનંદથી હસીને કહ્યું, "ભગવાનનું મંદિર બનાવું છું." એક જ કામ કરતી આ ત્રણે વ્યક્તિઓના દૃષ્ટિકોણ જુદા છે. એક જીવન પ્રત્યે ક્રોધના ભાવથી ભરેલો છે. બીજો જીવન પ્રત્યે ઉદાસીનભાવથી ભરેલ છે જ્યારે ત્રીજો જીવન પ્રત્યે કૃતજ્ઞતાના ભાવથી સભર છે.

આપને જીવન દુઃખમય લાગે તો ચોક્કસ માનજો કે દુઃખને આપે બોલાવ્યું છે. આ વૈજ્ઞાનિક નિયમ છે કે આપણને જે લાગે તે આપણા દૃષ્ટિકોણનું જ ફળ હોય છે. જીવન અંધકાર લાગે તો માનજો કે અંધકારને આપે જ આમંત્ર્યો છે. જીવનમાં કોઈને ફૂલ દેખાશે તો કોઈને માત્ર કાંટા જ. પ્રતિશત નવ્વાણું વ્યક્તિ જગતમાં દુઃખી, ઉદાસ, પીડિત છે; તેઓ ફૂલ નહીં જુએ, ફૂલની આસપાસના કાંટા જ તેમની નજરે ચડશે.

એક કવિ કોઈ અપરાધથી કેદ થયો. તેનો મિત્ર પણ સંજોગવશાત્ તે જ કેદમાં હતો. બંનેને સાથે રાખવામાં આવ્યા. પૂનમની રાત હતી. ચાંદની વરસી રહી હતી. કવિ તો કેદખાનાની પીડા ભૂલીને, ચંદ્ર જોવામાં જ તલ્લીન થઈ ગયો. પરંતુ તેના મિત્રે તેને કહ્યું, "આ જેલમાં કેવા ખાડા ટેકરા છે! આ મોટો ખાડો તો વળી પાણીથી ભરેલો છે. આમાં કેમ જીવાશે?" કવિએ કહ્યું, "આવો સુંદર ચંદ્ર પ્રકાશે છે અને તને પાણીનો ખાડો કેમ દેખાયો? અને જો, આ ખાડાના પાણીમાં પણ મને ચંદ્રના દર્શન થાય છે. આ ગંદા પાણીથી ચંદ્ર ગંદો થતો નથી. ઊલટું, ખાડો ચંદ્રની ઉપસ્થિતિથી પવિત્ર થાય છે."

જીવનની આપણી દૃષ્ટિ Negative (નકારાત્મક) છે. જ્યાં નરસું હોય, જ્યાં નર્ક હોય ત્યાં જ આપણે જોઈએ છીએ.

વર્ધામાં ગાંધીજીના આશ્રમમાં એક નવો આદમી આવ્યો. આશ્રમના જુના સાથીઓને તેના વર્તન પર ચીઢ હતી. ગાંધીજી પાસે પણ તે માણસ માટે ફરિયાદ જતી, પણ ગાંધીજી તે વાત મન પર લાવતા જ ન હતા. એક વખત સૌને મોકો મળી ગયો. તેઓ ગાંધીજી પાસે આવીને કહેવા લાગ્યા, "આપને જો ખાત્રી જોઈતી હોય તો અત્યારે જ મળે તેમ છે. પેલો માણસ શરાબઘરમાં જઈને શરાબ પીએ છે. આશ્રમનો સેવક, ખાદી અંગ ઉપર છે, છતાં શરાબઘરમાં! તેણે તો આશ્રમને ને ખાદીને લજાવ્યા. માટે આપ તેને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અત્યારે જ આશ્રમમાંથી કાઢી મૂકો. "ગાંધીજીએ સ્વસ્થચિત્તે જવાબ આપ્યો, "આ આશ્રમ છે. અહીં માણસ સુધરવા માટે છે. જો માણસ પૂર્ણતયા સારો જ હોય તો તેને આશ્રમમાં આવવાનું શું પ્રયોજન? ભગવાન શું એમજ ધારતો હશે કે આ ખાદીધારી છે છતાં શરાબઘરમાં બેસી શરાબ પી રહ્યો છે? તેને શું એમ નહીં દેખાતું હોય કે શરાબઘરનો આ શરાબી પણ હવે સુધરી ગયો છે તેણે ખાદી પહેરી છે!"

આ પ્રમાણે, જીવનને કઈ રીતે આપણે જોઇએ છીએ તે આપણા જીવનના દૃષ્ટિકોણ પર આપણો મુખ્ય આધાર છે. જીવન માયા છે, જીવન નકાર છે, તેમ કહેનાર વિદ્વાનોએ વસ્તુત સંસારનું અહિત જ કર્યું છે. તેમણે મનુષ્યને પરમાત્મા સાથે જોડનારી કડીથી આપણને વંચિત કર્યા છે. ચારે બાજુ કાંટાથી ભરેલી ઝાડીમાં ખીલેલા ગુલાબને જોઇને, કોઇ વિરલો જ કહેશે, "વાહ પ્રભુ! ધન્યવાદ. આટઆટલા કાંટામાં પણ આવું સુંદર ફૂલ!" જે જીવન પ્રત્યે નકારાત્મક વલણ લે છે તે મૃત્યુને પામે છે, જીવનને નહીં. કોઈ સુંદર વાંસળી વગાડતો હોય, સંગીતના સુમધુર સૂર ચોગમ પ્રસરાવતો હોય, છતાં ચોર હોય તો! તે શરાબી હોય તો! તે તમને નહીં ગમે. પણ તમે એમ કેમ ન કહો કે આવી સુંદર વાંસળી વગાડનાર ચોર હોય જ કેમ! આવું કહેનાર ધાર્મિક મનુષ્ય છે. તફાવત છે દૃષ્ટિબિંદુનો. અને તમારું દૃષ્ટિબિંદુ સાચું હશે તો તમે પણ બદલાશો ને તે પણ બદલાશે.

નકારાત્મક દૃષ્ટિથી જીવન મળતું નથી. પરમાત્મા તરફ જનાર આદમી જીવન તરફથી જ જાય છે. જે માણસ જીવનમાં ડૂબકી મારે છે તે જ પ્રભુ પાસે પહોંચી શકે છે. માટે જીવન પ્રત્યેનો વિરોધ-જીવનનું Condemnation (તિરસ્કાર) આપણે છોડી દઇએ. આજે આપણને જીવનમાં દરેક સ્થળે કાંટા દેખાય છે. દૃષ્ટિમાં થોડો જ ફર્ક પડશે અને આપણું જીવન બદલાઈ જશે–તેમાં આમૂલ પરિવર્તન આવશે.

બે યાહુદી ફકીર હતા. તેમના એક વિદ્વાન ગુરુ હતા. બન્ને ફકીરોને સીગરેટનો શોખ હતો. એક ફકીરે ગુરુને પૂછ્યું કે ઇશ્વર-ચિંતન કરતી વખતે સીગરેટ પી શકાય કે કેમ? ગુરુએ સ્પષ્ટ ના પાડી. બીજા ફકીરે ગુરુને પૂછ્યુ કે સીગરેટ પીતી વખતે ઈશ્વર ચિંતન કરી શકાય? ગુરુએ અલબત, હા કહી. આપણે કેવો પ્રશ્ન લઇને જીવન તરફ જઇએ છીએ તેના ઉપર જ આપણને મળનારા જવાબનો આધાર છે.

ધોળે દિવસે માણસ આંખ બંધ કરીને કહેશે. 'સૂર્ય નથી, બધે જ અંધકાર છે.' પણ વચ્ચે વિઘ્નરૂપ માત્ર આંખની પાંપણ જ છે. તેને આપણે કહીએ કે 'તૂં પાંપણ ખોલ, તને સૂર્ય દેખાશે.' અને તેને પ્રકાશ દેખાવાનોજ. જરૂર છે માત્ર શ્રદ્ધા અને વિશ્વાસનીજ.

તિબેટમાં એક વખત જરાપણ પાણી ન પડયું. અનાવૃષ્ટિથી લોકો ત્રાસી ગયા. વરસાદ માટે પ્રાર્થના કરવા સૌ આબાલવૃદ્ધ ગામથી થોડે દૂર આવેલ એક મંદિરમાં ગયા. તે સમાજમાં મોટામાં મોટા લામાથી માંડીને નાના ખેડૂત સુધીના સૌ એક સાથ હતા. એક નાનો છોકરો પણ મંદિરે ગયો; તે સાથે છત્રી લેતો ગયો. બધા જ લોકો હસવા લાગ્યા. 'વાદળનું નામ પણ નથી ને વરસાદ કયાંથી આવશે? છત્રીની કયાં જરૂર જ પડવાની છે?' પણ તે બાલકે કહ્યું, "આપ સૌ આટલા બધા, વરસાદ માટે પ્રાર્થના કરવા એકઠા થયા છો. તમારી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાર્થનાને બળે, જો બારે મેઘ તૂટી પડે તો, ઘેર જવા પૂરતી છત્રી તો જોઇએ જ ને !" પરંતુ, પ્રાર્થનાથી પાણી પડતું નથી એમ પ્રાર્થના કરનારને પણ વિશ્વાસ છે.

જીવનના દ્વાર પર વિધાયક ભાવ લઈને જઈએ તો જ જવું જોઈએ. જીવન અસાર નથી, તેમાં અપાર સાર છે. જરૂરત છે તે સારને શોધવાની, પ્રકાશનો દીવો લઈને જનારને જીવન ઉપલબ્ધ થાય છે. અને જીવન મળ્યું તો મુક્તિ દૂર નથી. મુક્તિ જીવન છે; જીવન મુક્તિ છે.

---

( અનુસંધાન પાના ૧૬૦નું ચાલુ )

છે ? તેનો તો તેને વિવેક જ નથી. તેનું તેને લક્ષ નથી. એટલે જેમ ડ્રાઇવરની બેદરકારીથી રેલ્વેનાં એક્સીડંટ થાય છે તેમ આ આત્માની ગાડી પણ અનેક એક્સીડંટોમાં અજ્ઞાનથી સપડાય છે અને દુઃખ વેદનાઓને પ્રાપ્ત કરે છે. ચિત્તની જ્યાં જ્યાં એકાગ્રતા થાય છે ત્યાં ત્યાં તેની સિદ્ધિ થાય છે.

ચિત્તનું સુખ ત્યાગ વૈરાગ્ય પૂર્વક જ્ઞાનથી જ છે. ચિત્તની અસમાધિથી જ આ બધી આધિ વ્યાધિ ઉપાધિ ઉત્પન્ન થાય છે. એ ચિત્તની સમાધિથી શાંત થાય છે. ચિત્ત એ તત્વજ્ઞાનની ધરી છે. ચિત્તની ધરી ઉપર જ જ્ઞાનધારા અને કર્મધારા જેમ રેલ્વે એ પાટા ઉપર ચાલે તેમ ચાલે છે. જ્ઞાનયોગ સાધ્ય છે; કર્મયોગ સાધક છે.

જ્ઞાનનું લક્ષણ ઉપયોગ છે. જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગ. પરંતુ બન્ને એક સિક્કાની બે બાજુ છે. જે જુએ છે અને જાણે છે અને પોતાની ધ્રુવસત્તામાં કાયમ ટકી રહી ઉત્પાદ વ્યયનાં પર્યાય કરે છે. જ્ઞાન કે અજ્ઞાનનાં ગુણના પર્યાયનો ઉત્પાદ સમયે સમયે થાય છે. એ પર્યાય જ્ઞાનમાંથી ઉત્પન્ન થઇ જ્ઞાનમાં જ લય થાય તો કર્મબંધ ન થાય અને અજ્ઞાનમાંથી ઉત્પન્ન થઈ અજ્ઞાન ભાવમાં લય થાય તો આશ્રવ થાય અને ભાવ મુજબ પ્રકૃતિપ્રદેશસ્થિતિરસ બંધ થાય અને તેના ઉદયીકભાવે પરિણમે ત્યારે સુખદુઃખરૂપ પરિણામનો ભોક્તા થાય. અને પુનઃ તેમાં અજ્ઞાનથી રાગદ્વેષમાં જોડાઇ નૂતન કર્માશ્રવનું નિમિત્ત થાય. આમ આ ચક્ર અનાદિ કાળથી ચાલ્યા જ કરે છે. જો ઉદયમાં ન જોડાય–ઉપયોગમાં રહે અને સમતા ભાવે વેદીલે તો સંવરનિર્જરા થાય. આ તત્ત્વનું સુક્ષ્મ રહસ્ય છે. એ આત્મા શુદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે. શુદ્ધ ચિત્તરૂપ નિર્વિકલ્પ સ્વરૂપ ચિંતામણીરત્નને પ્રાપ્ત કરી અનંત અવ્યાબાધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે, માટે હંમેશા ચિત્તને રખડતું અટકાવવા સ્વાધ્યાયધ્યાનનાં ઉપયોગમાં જોડી રાખવાથી કાળ લબ્ધી પામી પરંપરાએ મુક્ત થવાને પાત્ર થાય છે. એવા ચિંતામણી રત્ન રૂપ ચિત્તને નમસ્કાર. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## અભિનંદન

આપણા ભાવનગર **જૈન** સમાજના એક અગ્રગણ્ય સ્વ. શેઠ શ્રી ચત્રભુજ જગજીવનદાસ કનાડિયાનાં સુપુત્રી કુ. અરુણાબેન આ વર્ષે શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી વિમેન્સ યુનિવર્સિટીની બી. એ. સ્પેશિયલની પરીક્ષામાં સંસ્કૃતનો વિષય લઈને પહેલા વર્ગમાં પ્રથમ સ્થાન મેળવી પાસ થયા છે તે માટે તેમને **અભિનંદન.**

સ્થાનિક શ્રીમતી નર્મદાબાઈ ચત્રભુજ ગાંધી મહિલા કોલેજમાંથી બી. એ. પાસ થઇ ઉચ્ચતર અભ્યાસ માટે તે જ કોલેજમાં એમ. એ ના વર્ગમાં કુ. અરુણાબેન જોડાયા છે. એમ. એ.મા પણ તેઓ આવું જ સુંદર પરિણામ લાવી તેમના, **જૈન** સમાજના અને કોલેજના ગૌરવમાં વધારો કરે તેવી શુભેચ્છા.

For Private And Personal Use Only

# વિનંતિ

જૈન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં આ સભા છેલ્લા ૭૦ વરસ ઉપરાંતથી પોતાનાથી બનતી સેવા કરી રહી છે.

આ સભા તરફથી શ્રી આત્માનંદ જૈન સંસ્કૃત ગ્રંથ રત્નમાળા તથા શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા ચાલે છે અને તે દ્વારા આજ સુધીમાં લગભગ બસો કિંમતી ગ્રંથોનું સભાએ પ્રકાશન કર્યું છે. અને તેનો પ્રચાર ભારત અને ભારત બહારના દેશોમાં થયો છે. અનેક વિદ્વાનોએ આ કિંમતી પ્રકાશનોને પ્રેમપૂર્વક સત્કાર્યાં છે.

આ ઉપરાંત સભા શિક્ષણપ્રચાર અને ગુરુભક્તિ નિમિત્તે સમયોચિત સેવા કરી રહેલ છે.

સંસ્થાની આ પ્રવૃત્તિથી આકર્ષાઇને ભારત ભરના અનેક ગૃહસ્થોએ પોતાનું નામ સંસ્થાના પેટ્રન, આજીવન સભ્ય કે સભ્ય તરીકે આ સંસ્થા સાથે જોડીને પોતાનો સહકાર આપ્યો છે. સભાને માટે એ ગૌરવનો વિષય છે

સભા હજુ આજની જરૂરિયાતને પહોંચી વળવા માટે બનતી સાહિત્યસેવા કરવા માગે છે.

આપ આ સંસ્થામાં ન જોડાયા હો તો આપને નમ્ર વિનંતિ કે સભાના પેટ્રન, આજીવન સભ્ય કે સામાન્ય સભ્ય બનીને અગરતો સભાની સાહિત્ય પ્રવૃત્તિને વેગ આપવા માટે બીજી રીતે આપનો બનતો ફાળો નોંધાવીને સભાની પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં સહાયભૂત થાઓ

સભાને આપ નીચેની રીતે સાથ આપી શકો છો.—

રૂા. ૫૦૧) અગર તો વધારે આપીને સભાના આશ્રયદાતા (પેટ્રન) બનીને,

રૂા. ૧૦૧) અગર તો વધારે આપીને સભાના આજીવન સભ્ય બનીને,

અગરતો આપ સંસ્થાના વિકાસ માટે આપની વિદ્વતાનો કે અનુભવનો કે આર્થિક મદદનો યોગ્ય ફાળો આપીને.

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

તંત્રી અને પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.